# હોળી નજીક છતાં ધાણી-ખજૂર રાયડાની ખરીદીમાં મંદી

## હોળી-ધુળેટીના પર્વે ખાસ ખવાતી મકાઈ-જુવારની ધાણી અને ખજૂરની ખરીદીમાં વસાહતીઓ રસ ધરાવતા નથી : પરંપરાઓનું પાલન ઓછું થતું જાય છે

ગાંધીનગર, તા. ૨૪

હોળી-ધુળેટીના પરંપરાગત પર્વે ધાણી, ખજુર-હાયડા ખાવાનો વર્ષો જુનો રીવાજ છે. આરોગ્યની દૃષ્ટિએ પણ તે ફાયદાકારક છે પરંતુ નવી પેઢીને જાણે અને નારીયેળનું પ્રસાદ તરીકે વિતરણ થાય છે. નાના બાળકો તેને હોંશે હોંશે ખાય છે. જો કે આજકાલના બાળકોને આ નેચરલ ચીજોના બદલે પેકેટમાં મળતી ખાદ્યસામગ્રી વધુ આકર્ષિત કરે છે. વળી આ વખતે બાળકોની પરીક્ષાઓ પણ સાવ નજીક હોવાથી તેને ઉજવવાનો ઉત્સાહ જોવા મળતો નથી.



હોળીનો તહેવાર નજીક હોવાથી બજારોમાં ઠેર ઠેર ધાણી, ખજુર અને હાયડાનું વેચાણ થઈ રહ્યું છે પરંતુ તેમાં જરાય તેજી નથી. છુટક ઘરાકી થઈ રહી છે. સેકટર-૨૧માં ગલ્લા બજારમાં દુકાન ધરાવતા કાકા સ્ટોર્સના હુસેનભાઈ કહે છે કે આ વર્ષે કાળી ખજુર, અરબસ્તાની ખજુર, રેગ્યુલર ખજુર જેવી અનેક વેરાયટી ઉપલબ્ધ છે. વેકયુમ પેક અને સાદા પેકમાં પણ તે ઉપલબ્ધ છે. વેપારીઓના જણાવ્યા પ્રમાણે આ વખતે ધાણી-ખજૂર જેવી ચીજોના ભાવો પણ વધુ હોવાથી મોંઘવારીના લીધે તેની ખરીદી ઘટી છે. જે કંઈ ખરીદી થાય છે તે પણ પ્રતિકાત્મક રૂપે જાણે લેવું પડે તો જ લે છે. ગયા વર્ષે ધાણી-ખજૂરનો ભાવ ૬૦ રૂ. હતો જે આ વર્ષે વધીને રૂ. ૮૦ થયો છે તો હાયડાનો ભાવ

આ વસ્તુઓ ખાવા તરફ જાણે રસ જ ન રહ્યો હોય તેમ તેની ખરીદીમાં સાવ મંદી જોવા મળી રહી છે. વળી આ પર્વો પરીક્ષા ટાણે જ આવ્યા હોવાથી પર્વોનો ઉલ્લાસ ફીકો પડી ગયો છે.

વસંતઋતુના સૌથી મોટા ઉત્સવ હોળી-ધુળેટીનો ઉત્સાહ આ વખતે જોઈએ તેવો નથી. આ પર્વની ખાસ આઈટમો ગણાતી ધાણી, ખજુરની ખરીદી સાવ ઓછી છે. હોળી પ્રગટાવવાની વેળાએ ધાણી, ખજુર, હાયડા ૪૦ રૂ.થી વધીને ૬૦ રૂ. થયો છે. ભાવોમાં ૨૦ ટકાનો વધારો ખરીદી ઘટાડી રહ્યો છે. હજુ થોડાક વર્ષો અગાઉ જ ગાંધીનગરના વેપારીઓ હોળી પર્વે ૫૦થી વધુ કાર્ટુન (બો૭)નો ધાણી, ખજુર, હાયડાનો વેપાર કરતા હતા પરંતુ તે હવે ઘટીને ૧૦ કાર્ટુન જેટલો થઈ ગયો છે. આ વખતે તો ૨ કાર્ટુન જેટલો માલ માંડ વેચાયો છે. હોળી નજીક આવતા થોડુંક વેચાણ વધશે તેવી આશા વેપારીઓ વ્યકત કરી રહ્યા છે.

# ચ-૩ સર્કલ પાસેથી મોડી સાંજે બે બાઈક ચોરો ઝડપાઈ ગયા

## બે બાઈકો ચોરી કર્યા હોવાની કબુલાત : એલસીબીએ બન્નેને પકડીને સે. ૭ પોલીસને સોંપ્યા

ગાંધીનગર, તા. ૨૪

શહેરના ચ-૩ સર્કલ પાસેથી બાઈક ચોરો પસાર થઈ રહ્યા હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે બે શખ્સોને ગઈ મોડી સાંજે ચ-૩ સર્કલ પાસેથી પકડી પાડ્યા છે. બન્નેની કડક પુછપરછ કરવામાં આવતા સે. ૭ અને સે. ૨૧ પોલીસ સ્ટેશનની હદ વિસ્તારમાંથી તેમણે બે બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરી છે. બન્નેની સઘન પુછપરછમાં વધુ કેટલાક ગુનાઓના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમારને ગઈકાલે બાતમી મળી હતી કે ચ-૩ સર્કલ પાસેથી બે બાઈક ચોરો પસાર થવાના છે જેને આધારે પીએસઆઈ વાય.જે. રાઠોડ, કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ અને વિજયકુમારની ટીમ વોચ પર ગોઠવાઈ ગઈ હતી. બાતમીવાળુ બાઈક હોન્ડા સ્વીસ્ટર ચ-૩ થી પસાર થતા ઉભુ રખાવીને બે શખ્સોને પકડી સંકાને આધારે એલસીબી ઓફીસ લઈ જઈ બન્નેનું ઈન્ટ્રોગેશન શરૂ કર્યું હતું. દાહોદના બન્ને શખ્સો રાકેશ માનસીંગ મુનીયા અને કનુ રામા કટારાની પુછપરછમાં તેમનું બાઈક સે. ૭ પોલીસ સ્ટેશનની હદમાંથી ચોરી કર્યું હોવાનું બહાર આવ્યું છે. તે ઉપરાંત થોડા દિવસો અગાઉ સે. ૧૭માંથી એક બાઈક ચોરીની પેટ્રોલ પુરૂ થઈ જતાં સે. ૨૫માં મુકી દીધુ હોવાની પણ કબુલાત કરી છે. ઝડપાયેલા શખ્સોએ પાટનગરમાંથી બે બાઈકો ચોર્યા હોવાની કબુલાત કરતાં બન્ને શખ્સોની ધરપકડ કરીને સે. ૭ પોલીસને સોંપ્યા છે. સે. ૭ પોલીસે વાહનચોરોની કડક પુછપરછ હાથ ધરી છે.



શહેરમાં રસ્તાની બંને બાજુએ ચાલવા માટે ફૂટપાથ બનાવ્યા છે. પરંતુ ફૂટપાથ ઉપર અનેક જગ્યાએ સાયકલ તેમજ બાઈક ચલાવતા લોકો નજરે પડે છે. જ્યારે શહેરના ઘ-૨ સ્થિત બસસ્ટેન્ડ પાસેથી ફૂટપાથ પર ગાડી ચલાવતા લોકો તસ્વીરમાં દસ્યમાન થાય છે. સેક્ટર-૩માં ફરીને જવુ ના પડે તે માટે વાહનચાલકો આ શોર્ટકટ રસ્તો અપનાવે છે. તેથી બસ સ્ટેન્ડમાં ઉભા રહેતા મુસાફરોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# કેમેરા ન લગાડનાર વધુ એક રેસ્ટોરન્ટ પર એસઓજીનો દરોડો

## સે. ૧૭ની બેનરજી આલ્ફા રેસ્ટોરન્ટના સંચાલક વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લા કલેક્ટર દ્વારા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધારવા તથા સલામતીના મુદ્દાઓ ધ્યાને રાખીને તમામ ખાનગી એકમોમાં સીસીટીવી ફરજીયાત કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે. તેમ છતાં હજુ ઘણા રેસ્ટોરન્ટ સંચાલકો ઉપરાંત કેટલાય ખાનગી એકમોના માલીકો દ્વારા આ જાહેરનામાની ઐસી કી તૈસી કરવામાં આવે છે. આવી જ એક રેસ્ટોરન્ટ પર ગાંધીનગર એસઓજીએ રેડ પાડી કેમેરા મળી ન આવતા તેના સંચાલક વિરૂદ્ધ જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જો કે રેસ્ટોરન્ટ સંચાલક હજુ ફરાર છે.

ગાંધીનગર એસઓજી દ્વારા કલેક્ટરના જાહેરનામા બાદ વિવિધ પેટ્રોલપંપ સહિત શોપીંગ સેન્ટર્સ, જ્વેલર્સ શોપ, રેસ્ટોરન્ટ, હોટલ સહીતના મોટા ભાગના ખાનગી એકમો પર જાહેરનામા મુજબની વ્યવસ્થાઓ કરવામાં આવી છે કે કેમ તે માટેનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. જે હજુ પણ તબક્કાવાર ચાલી રહ્યું છે. જેમાં અગાઉ પેટ્રોલપંપ સંચાલકો વિરૂદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યા હતા. દરમ્યાન ગઈકાલે એસઓજીની ટીમે સેક્ટર-૧૭ ખાતે સ્થિત શોપીંગ સેન્ટરના દુકાન નં. ૧૭માં આવેલી બેનરજી આલ્ફા રેસ્ટોરન્ટમાં ચેકીંગ કર્યું હતું. જેમાં રેસ્ટોરન્ટની અંદર અને બહાર સીસીટીવી કેમેરા લગાડવામાં ન હોવાનું બહાર આવતા તેના સે. ૨૯ ખાતે રહેતા સંચાલક મલીક અહેસાન ભુરામીયા વિરૂદ્ધ કલેકટરના જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. સે. ૨૧ પોલીસે આ અંગે ગુનો દાખલ કરી જમાદાર અજમલભાઈએ તપાસ શરૂ કરી છે.



## શિવપુરા ગામના પ્રગતિશીલ ખેડૂત શાન્તીભાઈ પટેલ આત્મા પ્રોજેક્ટમાં ચેરમેન પદે નિયુક્તિ થતા સન્માનિત કર્યા

ગાંધીનગર જિલ્લાના મહુન્દ્રા ગ્રામપંચાયતમાં સમાવિષ્ટ શિવપુરા કેમ્પ ગામ કૃષિક્ષેત્રે જિલ્લાકક્ષાએ વિકાસમાં હરણફાળ ભરી રહ્યું છે. જિલ્લામાં કૃષિના અવનવા પ્રયોગોમાં ટેકનિકલ તથા સંસ્થાકીય ગત સુધારાના પગલે ખેતીક્ષેત્રે વિવિધ સંશોધનક્ષેત્રે એક આગવી સિદ્ધિના સોપાનો સર કરવામાં અગ્રેસર રહ્યું છે. સમગ્ર ખેતીમાં વિકાસલક્ષી અભિગમમાં વિશેષ યોગદાનમાં ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી શાન્તીભાઈ લાલજીભાઈ પટેલ અનેક રીતે સહયોગી અભિગમ અપનાવતા ગામડુ ગૌરવ વધારવા પ્રયત્નશીલ બન્યા છે. પરિણામરૂપે આત્મા પ્રોજેક્ટ એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સીમાં શાંતિભાઈ પટેલની ચેરમેન પદે ગુજરાત સરકારશ્રીમાં નિયુક્તિ થતાં તેમનું સન્માન કરવાનો અનેરો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આમ મહુન્દ્રા ગામ અને ગ્રામ પંચાયત પરિવાર દ્વારા આયોજિત સન્માન કાર્યક્રમમાં મહુન્દ્રા ગ્રામ પંચાયતના સરપંચશ્રી રેવાભાઈ કે. મેસરીયા દ્વારા શાલ તથા ફૂલહાલથી ઉષ્માભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રી દિલીપભાઈ સી. જોષીએ શાંતિભાઈ પટેલને સન્માનિત પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ખેતીક્ષેત્રે ઉત્તમ પ્રસંશનીય કામગીરીને બિરદાવી હતી. આ શિવપુરા કંપામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેતીક્ષેત્રે તથા ગ્રામકક્ષાએ વિકાસલક્ષી યોજનાઓનો પુરેપુરો લાભ ખેડૂતોને મળે તેવી સહયોગી અભિગમ સાથે હંમેશા તત્પર રહેવા હૈયાધારણ આપી હતી. આમ આત્મા પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈસનપુરા મોટા, ધણપ, મહુન્દ્રા, શિહોલી મોટી, ચિલોડા ગામના આજુબાજુ ગામોના અગ્રમી ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉદ્યોગભવનમાં વિકલાંગો માટે યોગ્ય સુવિધા ઉભી કરવા માંગ

## પાર્કીંગ, લીફ્ટ, વ્હીલચેર અને હેલ્પ સહિત નેશનલ કોડ પ્રમાણે વ્યવસ્થા ઉપલબ્ધ કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૪

ઘ-૪ નજીક સ્થિત ઉદ્યોગ ભવનના વિશાળકાય સંકુલમાં રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે વિકલાંગ વ્યક્તિઓને ધ્યાને લઈ જરૂરી સુવિધા ઉભી કરવા ઉદ્યોગ કમિશનર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. વિકલાંગો માટે પાર્કીંગ પ્લેસ પર રીઝર્વ જગ્યા રાખવા તેમજ વ્હીલચેરની વ્યવસ્થા પુરી પાડવા પણ માંગ ઉઠવા પામી છે.

નગરના બિલ્ડર મેહુલ દોશીએ આ અંગે ઉદ્યોગ કમિશનરને રજૂઆતમાં જણાવ્યા અનુસાર ઉદ્યોગ ભવનમાં સ્થિત વિવિધ બોર્ડ નિગમની કચેરીઓમાં કામ અર્થે આવતા વિકલાંગ વ્યક્તિઓની પણ વિશેષ અવર-જવર હોય છે. જ્યારે હાલ ઉદ્યોગભવનમાં રીનોવેશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે વિકલાંગોને આનુસંગિક સુવિધાઓ ઉભી કરવા પણ ધ્યાન આપવા જણાવ્યું છે. જેમાં વિકલાંગો માટે બનાવાયેલ વોક વે નજીક પાર્કીંગની જગ્યા રીઝર્વ રાખી તે અંગેના બોર્ડ મુકવા પણ જણાવ્યું છે. ભવનમાં આવતા વિકલાંગોને વ્હીલચેરની સુવિધા પુરી પાડવા તેમજ મુખ્ય પ્રવેશદ્વારો પાસે વિકલાંગો માટેના નેશનલ બાયવોઝ પ્રમાણે રેમ્પ તથા રેલીંગ બનાવવા પણ રજુઆતમાં જણાવ્યું છે. જ્યારે નવી લીફ્ટમાં વ્હીલચેર જઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવણ ઉપરાંત ટોઈલેટમાં પણ નેશનલ કોડ પ્રમાણે વ્યવસ્થા ઉભી કરવા તેમણે જણાવ્યું છે.

# ગાંધીનગર શહેર સમાવેશ ગ્રામ્ય વિસ્તારના વસાહતીઓ મિલકત વેરાના બીલોનો બહિષ્કાર કરશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર સમાવેશ પાલજ, બાસણ, ઈન્દ્રોડા, ધોળાકૂવા, બોરીજ, ફતેહપુરા અને આદિવાડી ગ્રામ્ય વિસ્તારના વસાહતીઓએ મિલકત વેરાના બીલોનો બહિષ્કાર કરવાની તંત્રને ચીમકી આપી છે. સાત ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોએ પોતાને મિલકત વેરામાં રાહત આપવા ઘણી રજૂઆતો કરી પરંતુ કોઈ રાહત આપવામાં આવી નથી અને જે મિલકત વેરાના બીલો આપવામાં આવ્યા તે ઘણા ક્ષતિઓ ભરેલા તથા નામ-સરનામામાં પણ ભૂલોવાળા છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ સાતે ગામના મુખ્ય પ્રતિનિધિઓની એક બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. જીલુજી વાઘેલા, અર્જૂનસિંહ વાઘેલા, કેશરીસિંહ બિહોલા, નિરંજનભાઈ બિહોલા, હસમુખ મકવાણા, માસંગજી મકવાણા, ચંદુજી ઠાકોર, સવધાનજી ઠાકોર, ભગવતસિંહ ચાવડા, સાંકાભાઈ દેસાઈ, મનુજી ઠાકોર, રમણભાઈ પ્રજાપતિ, બાદરજી ઠાકોર, જયંતિભાઈ પરમાર વગેરે અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સમગ્ર બીલોમાં સુધારો કરી પુનઃ રીસર્વે તથા આકારણી કરી નવા બીલો આપવામાં ન આવે ત્યાં સુધી અગાઉ તૈયાર કરેલ ક્ષતિવાળા બીલો કોઈ વસાહતીઓએ સ્વીકારવા નહી અને આ બાબતે જરૂર પડે ઉગ્ર આંદોલન કરવા અને મહાનગરપાલિકાના મેયરને તથા કમિશનરને એક આવેદન તૈયાર કરી આપવું.

# શહેરના ૨૨/૨૯ માર્ગ પર સામસામે બાઈક ટકરાયા : બેને ઈજા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં ગઈકો મોડી સાંજે ઘ-૬ની ચ-૬ તરફ જવાના માર્ગ પર પુરપાટ ઝડપે બે મોટરસાયકલ સામસામે ટકરાતાં અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બંને મોટરસાયકલ ચાલકોને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. આ બનાવ સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શહેરમાં ગઈકાલે મોડી સાંજે ઘ-૬ થી ચ-૬ તરફ મોટરબાઈક નં. જીજે-૧૮-એન-૦૩૯૭ લઈને જઈ રહેલ કમલેશ અમૃતભાઈ પટેલને પિન્કી ફેશન નામની દુકાન આગળ રોંગસાઈડથી આવી રહેલા બાઈક નં. જીજે-૧૮-સી.બી.-૯૭૭૧ના ચાલક ગીરીશ વિરબહાદુર ખત્રીએ ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં બંને બાઈકચાલકો ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માત સર્જાતા આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. તેમજ ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. બનાવની ફરિયાદ અલ્પેશ અમૃતભાઈ પટેલે નોંધાવતા સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જીપીપી દ્વારા આજે જિલ્લે જિલ્લે ખેડૂત વિરોધી સિંચાઈ બિલની હોળી કરાશે

રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવનાર ખેડૂત વિરોધી સિંચાઈ બિલનો વિરોધ વ્યક્ત કરવા આવતીકાલે જીપીપીના કાર્યકરો દ્વારા જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપીને બિલની હોળી કરવામાં આવશે. પોતાના કૂવા ટ્યુબવેલ બોરમાંથી પાણી લેવાની મંજુરી લેવા સહિતની પોતાનો કુવો બોરવેલ કેટલો ઉંડો છે તે અંગેની માહિતી આપીને પ્રમાણપત્ર લેવાની તાકીદ કરતી જોગવાઈ આ બિલમાં કરાઈ છે. જો ખોટી માહિતી હશે તો સજા થશે. આ સૂચિત બિલમાં કરાયેલી જોગવાઈઓ ખેડૂત વિરોધી હોવાનું જણાવીને જીપીપીના મહામંત્રીએ આ બિલનો વિરોધ કરવા માટેનો એક કાર્યક્રમ આપ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૦
સૂર્યાસ્ત : ૬.૪૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ઑલમ્પસ હૅસ ફૉલન (હિન્દી) : ૯.૧૫, ૧.૪૫, ૬.૧૫, ૧૦.૪૫
સોના સ્પા : ૧૧.૪૫
મેરે ડેડ કી મારુતિ : ૪.૧૫, ૮.૪૫

: સ્ક્રીન-૨ :
આત્મા : ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
જૉલી એલએલબી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

: સ્ક્રીન-૪ :
રંગરેઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

રંગરેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રેમના દુશ્મન (ગુજરાતી) : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રંગરેઝ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
આત્મા : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૫.૪૫, ૮.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ઉજી : ૧૦.૦૦, ૩.૧૫, ૧૦.૪૫
જૉલી એલએલબી : ૧૨.૪૫, ૬.૦૦, ૮.૩૦

### ચિરાગ, કલોલ

આખા જગથી નિરાળી મારી સાજણા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : કૌટુંબિક સમસ્યાઓ કુશળતાથી નીપટાવવી. આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : આવકના સ્ત્રોતોથી વિશિષ્ટ લાભ પ્રાપ્તિનો યોગ. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે ઉત્તમ સમય. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. પૂંજાભાઈ છગનભાઈ રાઠોડ (ઉ.વ. ૭૦) વણકરવાસ, મુ.પો. તારાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. મંગાભાઈ જીવાભાઈ મારુડા (ઉ.વ. ૩૮) સેકટર- ૨૦ના છાપરા, ગાંધીનગર.